
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**ભાઈ, જો આટલો રડીશ નહીં... તે જીંદગીમાં ત્રણ ત્રણ કન્યાદાન કર્યા છે છતાં પણ રડ્યો ન હતો... અત્યારે મન મજબુત કરીને મતદાન કરી જ નાખ... ભગવાન તને સાથ આપશે જ....**

# નાગરીકોએ હીટ સ્ટ્રોકથી બચવા માટે તકેદારી રાખવી

ગાંધીનગર,તા.૨૭

હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં વધુ ગરમી પડવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. ગરમીથી શહેરનું જનજીવન પ્રભાવિત બન્યું છે. આકશમાંથી અગનગોળા વરસી રહ્યા છે. નાગરીકો ગરમીમાં રીતસરના શેકાઈ રહ્યા છે. ગરમીથી બચવા માટે નાગરીકો નીતનવા નુસખા અપનાવી રહ્યા છે. જયારે અતિશય ગરમીને પગલે નાગરીકો હીટ સ્ટ્રોકનો ભોગ બની રહ્યા છે. જેમાં હીટ સ્ટ્રોકમાં સ્નાયુમાં દુખાવો અને ખેંચાણ, માથાનો દુખાવો, નબળાઈ કોઈ ખેંચ કે સ્ટોકની બિમારી ન હોવા છતા બે ભાન થઈ જવાના કિસ્સા પણ બનતા હોય છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં પણ રોજના હીટસ્ટ્રોકના કેસ આવતા હોય છે. ત્યારે સિવિલના આરએમઓ ડો. રાજેન્દ્ર ચૌહાણના જણાવ્યા પ્રમાણે હીટસ્ટ્રોકના લક્ષણોમાં માથુ દુખવુ, પગની પીંડીમાં કળતર થવી, શરીરનું તાપમાન વધી જવું, ખુબ તરસ લાગવી, પેશાન ન થવો, ચામડી લાલ થવી, ઝાડા-ઉલ્ટી અને ચક્કર આવવા, આંખે અંધારા આવી જઈને બેભાન થઈ જવું સહિત મુંજવણ થવી અને ખેંચ પણ આવી શકે છે.

જયારે અતિશય ગરમીને કારણે હીટ સ્ટ્રોકથી બચવા નાગરીકોએ કામ સિવાય બહાર ન નીકળવુ, પાણી ખુબ પીવું, સફેદ અને સુતરાઉ કપડા પહેરવા, છત્રીનો ઉપયોગ કરવો, લીંબુ શરબત, મોળી છાશ, નાળીયેરનું પાણી, ઓઆરએસ પુષ્કળ પીવુ, બહારનું ખાવાનું ટાળવુ, ઉપવાસ ન કરવો, વધુ પડતો શ્રમ ટાળવો સહિતની તકેદારી રાખવી જોઈએ.


# અહો આશ્ચર્યમ્..!!! પાટનગરની સુંદરતાની ફોટોગ્રાફી કરવાની ''સખ્ત'' મનાઈ..!!!

### શહેરમાં ફોટોગ્રાફી માટે હોટ ફેવરીટ ગણાતા સ્થળોએ ફોટોગ્રાફીની મનાઈ કરતા બોર્ડથી શહેરના ફોટોગ્રાફર્સ આલમમાં રોષની લાગણી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરની સુંદરતા સમગ્ર રાજ્યમાં મશહુર છે પરંતુ હવે તેને કચકડે મઢી નહી શકાય તેવી સ્થિતિ સર્જાતા પામી છે. શહેરમાં ફોટોગ્રાફી માટે જાણીતા હોટ ફેવરીટ ગણાતા સ્થળો જેવા કે સરિતાઉદ્યાન, સેક્ટર-૨૮નો બાલોદ્યાન, પુનિતવન, સેક્ટર-૧ના તળાવ કિનારેનો બગીચો વગેરે સ્થળે ફોટોગ્રાફી પર પ્રતિબંધ લગાડી દેવાયો છે અને આ મુજબની સૂચના સાથેના બોર્ડ લગાડાયેલા જોવા મળી રહ્યાં છે. જોકે આ પ્રતિબંધ સામે શહેરના ફોટોગ્રાફર્સ રોષે ભરાયાં છે અનો શહેરના ફોટોગ્રાફર્સ એસોસિએશન તથા કેપિટલ કેમેરા ક્લબ દ્વારા આ પ્રતિબંધ દૂર કરવા માંગ કરવામાં આવી છે.

એક તરફ ગુજરાતના પાટનગરના સૌંદર્યથી આકર્ષિત થઈને રાજ્યભરના ફોટોગ્રાફીના શોખીનો તથા પ્રોફેશ્નલ ફોટોગ્રાફર્સ અહીં ફોટોશુટ કરવા વારંવાર આવી રહ્યાં છે. જ્યારે બીજી તરફ શહેરમાં અનેક સ્થળોએ જ્યાં ફોટોગ્રાફી કરવા માટે પસંદગીના સ્થળ ગણાય છે ત્યાં ફોટો ક્લિક કરવા પર પ્રતિબંધ જણાવતા બોર્ડ લાગેલા જોવા મળે છે. આ બોર્ડમાં સ્પષ્ટ જણાવાયું છે કે મોડલીંગ, પ્રિ-વેડીંગ વગેરે માનવીય ફોટોગ્રાફી કરવાની સખ્ત મનાઈ છે અને ફોટોગ્રાફી કેમેરા સાથે લઈ જવાની પણ સખ્ત મનાઈ છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા લગાડાયેલા આ બોર્ડને કારણે શહેરના ફોટોગ્રાફર્સ આલમમમાં આશ્ચર્ય સાથે રોષની લાગણી પ્રવર્તી રહી છે અને ફોટોગ્રાફર્સ દ્વારા મનપાએ કયા કાયદાને આધીન આ પ્રતિબંધ લગાડ્યો છે ? તેવા સવાલ કરવામાં આવી રહ્યાં છે. મહાનગરપાલિકા દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધને કેપિટલ કેમેરા ક્લબ તથા ગાંધીનગર ફોટોગ્રાફર્સ એસોસિએશને ગેરવ્યાજબી ગણાવવા સાથે ફોટોગ્રાફી માટે ગાઈડલાઈન નક્કી કરી ''ટોકન ચાર્જ''ની નીતિ અપનાવી મંજૂરી આપવી જોઈએ તેવો મત વ્યક્ત કરવામાં આવ્યો છે. આ સાથે બંને સંસ્થાઓ દ્વારા ફોટોગ્રાફર્સને પરમીશન કાર્ડ ઈશ્યુ કરાય તે સાથે ફોટોગ્રાફર્સ જે તે સ્થળે સ્વચ્છતાની જાળવણી, ફુલ-છોડ કે જાહેર સંપત્તિને નુકશાન ના થાય તે રીતે ફોટોગ્રાફી કરવાની અને જાહેર જનતાને અસુવિધા ઉભી ના થાય તેથા તેમની પ્રાઈવસી જળવાઈ રહે તે રીતે ફોટોગ્રાફી કરવાની બાંહેધરી આપવા તૈયારી દર્શાવવામાં આવી છે.




''ગાંધીનગરમાં ૨૦૦થી વધુ ફોટોગ્રાફર્સ છે તેમજ બહારથી પણ અનેક ફોટોગ્રાફર્સ અહીં ફોટોગ્રાફી માટે આવે છે. જો મનપા દ્વારા ટોકન ચાર્જ લેવામાં આવે તો મનપાને પણ આવક થશે પરંતુ ગાંધીનગરની સુંદરતાનો દરેક ફોટોગ્રાફર લાભ લઈ શકશે જે પાટનગર માટે પણ ઉપયોગી છે. મનપાએ શહેરના ફોટોગ્રાફર્સ એસો. સાથે સંકળાયેલા ફોટોગ્રાફર્સને ઓળખપત્ર આપી છુટ આપવી જોઈએ.''

**- દિપક વ્યાસ, સેક્રેટરી, કેપિટલ કેમેરા ક્લબ**

# ચૂંટણીમાં પક્ષવિરોધી પ્રવૃત્તિ કરનારા સામે કાર્યવાહી થશે

### ટોપ કોંગ્રેસી નેતાઓએ પક્ષના ઉમેદવાર કરતાં ભાજપના ઉમેદવારને જીતાડવામાં રસ લીધો હોવાની ફરિયાદ થઈ

ગાંધીનગર,તા. ૨૭

ગુજરાત લોકસભાની તાજેતરની ચૂંટણીમાં ખુદ કોંગ્રેસ પક્ષના જ કેટલાક આગેવાનો અને નેતાઓ નિષ્ક્રિય અને બિનકાર્યક્ષમ રહ્યા હોવાની વાત હવે સામે આવી રહી છે. તો, આ ચૂંટણીમાં કોંગ્રેસના સ્થાનિક નેતાઓએ પક્ષના ઉમેદવાર કરતાં ભાજપના ઉમેદવારને જીતાડવામાં રસ લીધો હોવા ઉપરાંત, પક્ષવિરોધી પ્રવૃત્તિ આચરવા સહિતની અનેક પ્રકારની ફરિયાદો ઉઠી રહી છે અને તેથી ગુજરાત કોંગ્રેસના પદાધિકારીઓ આ સમગ્ર મામલે તપાસ કરી તેનો વિગતવાર અહેવાલ કોંગી હાઈકમાન્ડને મોકલશે. જેના આધારે લોકસભાની ચૂંટણીમાં પક્ષવિરોધી પ્રવૃત્તિ કરનારા તત્વો સામે આગામી દિવસોમાં શિક્ષાત્મક કાર્યવાહી સહિતની આકરી કાર્યવાહી થાય તેવી શકયતાઓ પ્રબળ બની છે. ગુજરાતમાં સતત થઈ રહેલા ભાજપના વિજય પાછળ કોંગ્રેસની નબળી રણનીતિ અને નેતાઓની આપખુદશાહી હોવાનું બહાર આવી રહ્યું છે. જેથી ગુજરાતમાં ભાજપ જીતતો નથી પણ કોંગ્રેસ હારે છે. આ વખતની લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના પ્રદેશ આગેવાનોથી માંડીને સ્થાનિક ધારાસભ્યો અને હોદ્દેદારોએ પક્ષના ઉમેદવાર માટે કામ કરવાને બદલે નિષ્ક્રિય રહ્યા હોવાની મૌખિક રજૂઆતો થઈ રહી છે. કોંગ્રેસના ઉમેદવારોને હાઈકમાન્ડ તરફથી મળેલી ચૂંટણી ખર્ચની રકમ પણ અધવચ્ચે જ ચાંઉ થઈ ગઈ હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે. ગુજરાત કોંગ્રેસમાં ચાલતા આંતરિક વિવાદો અને જૂથવાદોને કારણે ભાજપને સૌથી વધુ ફાયદો મળી રહ્યો છે. કોંગ્રેસમાં વર્ષોથી અડ્ડો જમાવીને બેઠેલા ચોક્કસ નેતાઓ કોંગ્રેસના જાગીરદાર હોય તેમ વર્તન કરતા હોવાથી પક્ષના ચુસ્ત કાર્યકરો અને ટેકેદારો કોંગ્રેસથી વિમુખ થઈ રહ્યા છે. તાજેતરમાં ગુજરાતમાં યોજાયેલી લોકસભા ચૂંટણીના પ્રચારથી લઈને મતદાન સુધીના સમયગાળામાં કોંગ્રેસના ઉમેદવારો ગણ્યાં ગાંઠ્યા ટેકેદારો સાથે જોવા મળતા હતાં. સામાન્ય રીતે ચૂંટણીના સમયમાં ઉમેદવાર સાથે પ્રદેશ નેતાઓ ઉપરાંત સ્થાનિક ધારાસભ્યો, પૂર્વ સાંસદો અને સ્થાનિક સ્વરાજમાં ચૂંટાયેલા અન્ય સભ્યો કોંગ્રેસનો પ્રચાર કરતા હોવા જોઈએ પરંતુ આ ચૂંટણીમાં મોટાભાગના ધારાસભ્યોથી લઈ હોદ્દેદારો મતદાનના દિવસે પણ ઘરે બેસી રહ્યા હતા.

કોંગ્રેસમાં લોકસભા ચૂંટણી દરમિયાન નિષ્ક્રિયતા પાછળ કોંગ્રેસના સિનિયર નેતાઓ એવું પણ તારણ કાઢી રહ્યાં છે કે, ગુજરાત કોંગ્રેસ જૂથવાદમાં સપડાયેલી હોવાથી ટિકિટોની ફાળવણીમાં પોતાના મળતીયાને ટિકિટ મળે તે માટે મહેનત કરે છે, પરંતુ જો પોતાના મળતીયાને ટિકિટ ન મળે તો તે પક્ષના ઉમેદવારને બદલે હરિફ ઉમેદવારને મદદ કરતા હોય છે. આ ચૂંટણીમાં કોંગ્રેસના નેતાઓની નારજગી પાછળ સૌથી મોટું કારણ એ હતું કે, વર્ષોથી કોંગ્રેસમાં કામ કરતા આગેવાનો કે કાર્યકરોને ટિકિટ આપવાને બદલે રાતોરાત કોંગ્રેસમાં જોડાયેલા પાટીદાર નેતા હાર્દિક પટેલના સમર્થકો એવા લલિત કગથરા, લલિત વસોયા અને ગીતા પટેલને લોકસભાની ટિકિટ આપી દેતા મૂળ કોંગ્રેસી નેતાઓ નારાજ થઈ ગયા હતા. જ્યારથી લોકસભા ચૂંટણી જાહેર થઈ હતી ત્યારથી ઉમેદવારોને આપવામાં આવેલું ૬૦ લાખ રૂપિયાનું ચૂંટણી ફંડ પણ સ્થાનિક નેતાઓ ચાઉં કરી ગયા હોવાથી ચૂંટણી પ્રચાર દરમિયાન કાર્યકરો અને ટેકેદારોને ચા-નાસ્તો આપવાના પણ ફાંફા પડી ગયા હતા. જેના કારણે મતદાનના ચાર દિવસ પહેલા જ કોંગ્રેસ સમર્થકો ઉમેદવારથી દૂર થઈ ગયા હતા. જ્યારે મતદાનના દિવસે મૂળ કોંગ્રેસના કાર્યકરોએ પોતાના વિસ્તારના મતદાન બૂથ પાસે કોંગ્રેસનું ટેબલ મુકવા માટે ઉમેદવારોના સમર્થકોને જણાવ્યું ત્યારે તેમને સ્પષ્ટ કહી દેવામાં આવ્યું કે, કોંગ્રેસ પાસે બૂથના ટેબલ ખુરશી મુકવાના પણ પૈસા નથી. જેના કારણે અમદાવાદ અને ગાંધીનગર લોકસભાની બેઠકો પર મતદાન દરમિયાન કોંગ્રેસના ગણ્યાં ગાંઠ્યા બૂથ જોવા મળ્યા હતાં. જે બહુ ગંભીર અને સૂચક બાબત કહી શકાય.

# ખ-રોડ પર તાત્કાલિક સ્પીડ બ્રેકર મુકાયા

ગાંધીનગર ખાતે મહાત્મા ગાંધી મંદિર પાસે ખ રોડ પર આવેલ સેક્ટર ૧૪ વસાહત આવેલી છે, તેમજ આ રોડ ઉપર આઈ ટી કોલેજ અને સ્પોર્ટ નું મેદાન પણ આવેલું છે, તેથી આ રોડ પર સ્પીડ બ્રેકર ન હોવાને કારણે વારંવાર અકસ્માત સર્જાય છે જે કેટલીક વાર જીવલેણ સાબિત થાય છે, તેમજ વસાહત ના બાળકો અને નાગરિકો ને સેક્ટર ૧૪ ખાતે પ્રવેશ માટે વળાંક લેતા સ્પીડ બ્રેકર ન હોવાને કારણે અકસ્માત થવાનો ભય ખૂબ સતવતો હતો, પરંતુ આ અંગે ડેપ્યુટી મેયર શ્રી નાજા ભાઈ ઘા ઘર સાહેબ ને વસાહત મંડળ ના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ વાઘેલા અને સામાજિક કાર્યકર શ્રી ગુલાબ ચન્દ પટેલ કવિ લેખક અને અનુવાદક દ્વારા સામૂહિક રજૂઆત કરતા ખ રોડ પર વી આઈ પી રોડ હોવાથી ડેપ્યુટી મેયર શ્રી એ તાત્કાલિક સરકાર પાસે મંજૂરી સંબંધીત વિભાગ પાસે મેળવી હતી અને તાત્કાલિક દિન બે મા ખ રોડ પર સ્પીડ બ્રેકર મુકવામાં આવેલ છે,

સેક્ટર ૧૪ ના વસાહતી, વસાહત મંડળ ના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ વાઘેલા અને સામાજિક કાર્યકર શ્રી ગુલાબ ચન્દ પટેલ દ્વારા શ્રી નાજા સાહેબ નો આભાર પ્રકટ કરે છે.

# દેવીપુજક સમાજ ગાંધીનગર દ્વારા કોઠા હડકશા માતાજીને ૫૧ ગજની ધજા રોહણ કરાશે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના કોઠા ગામે દેવીપુજક સમાજ કુળદેવી હડકશા માતાજીનું સુપ્રસિદ્ધ યાત્રાધામ આવેલું છે. ચૈત્ર માસના અંતિમ રવિવારના રોજ રાજયભરમાંથી દેવીપુજક સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં કોઠા ગામે માતાજીના દશર્નાર્થે આવે છે. હજજારો ભકતો કોઠા ગામે પગપાળા આવે છે. દેવીપુજક સમાજના ભાઈ બહેનો માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવે છે.ત્યારે ગાંધીનગર વિરાટ દેવીપુજકના ભાઈ બહેનોનો સંઘ કોઠા જશે અને ભકતો દ્વારા માતાજીને ૫૧ ગજની ધજા તા.૨૮ એપ્રિલને રવિવારના રોજ રોહણ કરાશે. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા ભારતીય જનતા પક્ષ દ્વારા ધજાની આરતી કરી પૂજા અર્ચના કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા બજરંગદળ પ્રમુખ શકિતસિંહ ઝાલા, ભાજપના વિનાયકભાઈ પટેલ તેમજ બજરંગ દળના જીવરાજ ઠાકોર,ગણપતસિંહ વાઘેલા, સુરેન્દ્રસિંહ વાઘેલા, રણજીતસિંહ ચાવડા, ચમનભાઈ દંતાણી, સુરેશભાઈ દંતાણી અને અતુલ સોલંકી હાજર રહ્યા હતા.




## કાંઠા સ્થિત હડકશા માતાજીના મંદિરે દેવીપુજકો ઉમટશે

દર વર્ષે યોજાતા દેવીપુજકોની દૈવી હડકાઈમાતાજીના મંદિરે સમગ્ર ગુજરાતમાં વસતા શ્રધ્ધાળુ ભાવિક ભકતજનો કડા સ્થિત કાંઠા મંદિરે હડકાઈમાતાજીના દર્શનાર્થે શીશ નમાવવા અને દર્શનનો લાભ લેવા ચિલોડા પંથકના આજુબાજુ વિસ્તારના દહેગામ, પ્રાંતિજ, અમદાવાદ તેમજ ગાંધીનગર તથા પરપ્રાંતિય દુર વસતા તમામ દેવીપુજકોના બાળકો, યુવાનો મહિલાઓ, વૃધ્ધો સૌ સાથે માતાજીના ગુણલાં ગાતાં હાથમાં હડકાઈમાતાજીની ધજા સાથે વાજતે ગાજતે શોભાયાત્રા રૂપે ચિલોડા વાયા મોટી સંખ્યામાં કાળઝાળ ગરમીની પરવા કર્યા વિના શ્રધ્ધાના સથવારે પ્રસ્થાન કરી રહ્યા છે. આ સાથે શ્રધ્ધાળુ દેવીપૂજકો માટે ચિલોડા-દહેગામ રોડ પર શરબતના ટેન્ટ, ઠંડા પાણી તથા નાસ્તા પાણીની સુવિધાના કેન્દ્રો દ્વારા સેવા આપી રહ્યા છે. આમ કાંઠા સ્થિત શ્રધ્ધાના પ્રતિક રૂપે હડકાઈમાતાના મંદિરે લાખોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટશે અને પોતની મનોકામના પૂરી કરવા શ્રધ્ધાળુઓ તત્પર બન્યા છે.

# ડમી સર્ટિફિકેટ દ્વારા સરકારી નોકરી મેળવતા આરોપીની ધરપકડ

ડુપ્લીકેટ સર્ટિફિકેટનો ઉપયોગ કરીને સરકારી નોકરી મેળવવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. ડુપ્લીકેટ સર્ટિફિકેટના આધારે નોકરી મેળવી ૨૦ મહિના સુધી ફરજ બજાવ્યા બાદ આ સમગ્ર મામલો સામે આવ્યો છે. આ સમગ્ર મામલે મીના નામની વ્યક્તિ સામે ફરિયાદ નોંધાઈ છે. જ્યારે આ વ્યક્તિએ ક્ષત્રપતિ શાહુજી યુનિવર્સિટીની બોગસ ડીગ્રી મેળવી સ્ટેટ બેક્ક ઓફ ઈન્ડિયામાં પ્રોબેશનલ ઓફિસર તરીકે ફરજ બજાવી હતી. નોકરીના ૨૦ મહિના બાદ આ સમગ્ર મામલો સામે આવ્યો હતો.

# લીંબડીયા ગામે જીઈબીની હેવી લાઈનના થાંભલા પર કપિરાજ વીજકરંટથી પટકાતાં ઈજાગ્રસ્ત

ચિલોડા, તા. ૨૭

ગાંધીનગર તાલુકાના લીંબડીયા ગામે શનિવારના રોજ હનુમાનજીના દિવસે સવારે ૬ વાગ્યાના સમયે જીઈબીની એક લાખ બત્રીસ હજાર કેવીની હેવી લાઈનના થાંભલા ઉપર વાંદરાને કરંટ લાગતાં ઉપરથી નીચે પટકાતાં ભારે ઈજાગ્રસ્ત થયો હતો. ઈજાગ્રસ્ત કપિરાજ વીજ થાંભલાથી નીચે પટકાતાં કપિરાજ નસીબ સંજોગો જીવતો હતો. આવો બનાવ અગાઉ બીજી વખત બનવા પામ્યો છે. આ અકસ્માત અંગે ગામના જીવદયાપ્રેમી સરપંચ દ્વારા જીઈબીના અધિકારી સાથે વારંવાર આવા બનાવ બાબતે રજૂઆત કરી કે આ બનાવ બીજી વખત બનેલ છે. આ ઉપરાંત થાંભલાની ઉપર જે જંપર નાખેલ છે તે ખૂબજ વધુ પડતાં નીચે છે તે ઊંચા કરવા સરપંચે હકીકત જણાવી છે. આવો બીજી વખત આવો ગંભીર જાનહાની થાય તેવો બનાવ ન બને તેવી તકેદારીના પગલાં ભરવા જણાવ્યું છે.



# તુવેર કાંડ : વાડીમાંથી ૭૪૦ કટ્ટા ઝડપાઈ જતા ઉંડી તપાસ

ગાંધીનગર,તા. ૨૭

રાજ્યભરમાં મગફળીકાંડ બાદ સામે આવેલા તુવેર કોભાંડમાં દિવસેને દિવસે વિવાદ વધતો જાય છે. જૂનાગઢના કેશોદ માર્કેટિંગ યાર્ડમાં તુવેર કૌભાંડને લઈને ખેડૂત હિતરક્ષક સમિતિ ઉપવાસ આંદોલન પર ઉતરવાની વાત સામે આવી રહી છે, ત્યારે બીજીબાજુ, આજે તુવેર કૌભાંડના આરોપી ભરત વઘાસીયાની વાડી ખાતેથી આજે ૭૪૦ જેટલા તુવેરના જથ્થાના કટ્ટા મળી આવતાં સમગ્ર પંથકમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. આટલો મોટો તુવેરનો જથ્થો જોઈ ખુદ પોલીસ અને ખેડૂતો પણ ચોંકી ઉઠયા હતા. તો, આજે કોંગ્રેસના વિસાવદરના ધારાસભ્ય હર્ષદ રિબડીયા પણ તુવેર કૌભાંડમાં ન્યાયિક તપાસની માંગ સાથે જૂનાગઢ કલેકટર કચેરી ખાતે ધરણાં પર ઉતરતાં સમગ્ર મામલો ગરમાયો હતો.

મગફળીકાંડ બાદ તુવેર કૌભાંડમાં હવે ખેડૂત હિતરક્ષક સમિતિ તુવેરના જથ્થાને સીલ કરવાની માંગણી સાથે ઉપવાસ અંદોલન પર ઉતરવા જઈ રહી છે. તુવેરકાંડમાં જે બારદાનનો જથ્થો ખુલ્લામાં છે તેને પણ સીલ કરવાની માંગણી કરાઈ છે. આ સિવાય વિવાદિત જગ્યાએ પડેલા તમામ તુવેરનો માલ ગોડાઉનમાં સીલ કરવાની માંગ કરવામાં આવી છે. દરમ્યાન આજે કેટલાક જાગૃત ખેડૂતોની ચોક્કસ બાતમીના આધારે તુવેર કૌભાંડના આરોપી ભરત વઘાસીયાની વાડીમાંથી ૭૪૦ કટ્ટા જેટલો તુવેરનો મોટો જથ્થો ઝડપાતાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો હતો. ખેડૂત હિતરક્ષક સમિતિએ ગંભીર આરોપ લગાવ્યો હતો કે, આ જથ્થો તુવેર કૌભાંડનો છે, કટ્ટા પર લગાવાયેલા ટેગ પણ કેશોદના જ હોવાનું જણાયું હતું. ઘટનાની જાણ થતાં સ્થાનિક ડીવાએસપી ગઢવી સહિતના પોલીસ અધિકારીઓ ત્યાં દોડી આવ્યા હતા અને પંચનામું સહિતની તપાસ કાર્યવાહી હાથ ધરી હતી. કેશોદના તુવેરકાંડમાં ૨૯.૬૪ લાખની નબળી તુવેર ભેળવી દેવાના કૌભાંડમાં પુરવઠા મામલતદાર દ્વારા સાત આરોપીઓ સામે ફરિયાદ નોધાવ્યા બાદ પુરવઠા નિગમના એમ.ડી.મનીષ ભારદ્વાજ અન જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધી કેશોદ દોડી આવ્યા હતા. તુવેરકાંડ મામલે રાજ્યના અન્ન અને પુરવઠા મંત્રી જયેશ રાદડીયાએ તુરંત તપાસના આદેશ આપતા કેશોદ ખાતે સ્થળ મુલાકાત લઈને બને અધિકારીઓએ માર્કેટયાર્ડમાં તપાસ કરી કર્મચારીઓ પાસેથી ઝીણામાં ઝીણી વિગતો મેળવી હતી.

અંતે તુવેર ખરીદીના ઈન્ચાર્જ જે.બી.દેશાઈ, ગોડાઉન મેનેજર ડી.વી.નિરંજન અને કેલેક્ષ કંપનીના ગ્રેડર ફૈઝલ મુગલને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. જેતપુર વેર હાઉસમાંથી પરત આવેલી કુલ ૩૨૪૧ ગુણી તુવેરને જ્યાં સીઝ કરવામાં આવી છે, ત્યાં તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાંથી ૧૦૪૫ કટ્ટામાં હલકી તુવેરની સાથે મોટા ભાગના ઠુઠા જોવા મળ્યા હતા. રાજ્યમાં હાલ ૪૦ સ્થળોએ ટેકાના ભાવે તુવેરની ખરીદી ચાલી રહી છે. ત્યારે આ મામલો પ્રકાશમાં આવતા ભારે ચકચાર મચી ગઈ છે.

